**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૨૯ ટકા

# ગાંધીનગરમાં અકસ્માતનો રેશીયો વધ્યો

## ગુજરાતમાં આઠ ટકા અકસ્માતનો રેશીયો વર્ષ ૨૦૨૨માં નોંધાયો : ઓવર સ્પીડ, રોંગ સાઈડ મુખ્ય કારણો

ગાંધીનગર.તા.૩૧

પાટનગરના ખુલ્લા માર્ગો અકસ્માતો વધારી રહયા છે. પાટનગરમાં પહોળા માર્ગો હોવાના કારણે ટ્રાફિક તો ઓછો રહે છે પરંતુ ઓવર સ્પીડના કારણે લોકો મોતને ઘાટ ઉતરી રહયા છે. જેમાં છેલ્લા છ માસમાં દૈનિક અકસ્માતોમાં ધરખમ વધારો થયો છે. આ અકસ્માતો કઈ સામાન્ય હોતા નથી. એટલા ભયાનક અકસ્માતો બની રહયાછે જેમાં લોકો સીધા મોતને ઘાટ પહોંચે છે. જે ખુબજ દુખદ થઈ રહયું છે. વર્ષ ૨૦૨૨ના ગાંધીનગર સ્ટેટ રેકર્ડ બ્યુરોના આંકડા મુજબ ગુજરાતમાં આઠ ટકા જયારે ગાંધીનગરમાં ૧૨ ટકા અકસ્માતોનો રેશીયો નોંધાયો છે. ગાંધીનગરમાં વાહનોની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. નાગરિકોને ટ્રાફિક અંગે અવારનવાર તંત્ર દ્વારા સૂચનાઓ અપાઈ છે તેમ છતાં લોકો ટ્રાફિક નિયમોનું પાલન કરી રહયા નથી. માર્ગો પહોળા હોવાના કારણે વાહનો વધુ સ્પીડમાં ચાલી રહયા છે. મનફાવે તેમ વાહનો હંકારવાથી વધારે માર્ગ અકસ્માતો થાય છે જેમાં કોઈ નિર્દોષ વ્યક્તિનો જીવ જાય છે.

ગાંધીનગરમાં રાત્રી દરમિયાન વાહનો લઈને રેસ લગાવતાં નબીરાઓ જોવા મળે છે. પુરપાટ ઝડપમાં રેસ લગાવતાં વાહનોચાલકોને તંત્રની કોઈ બીક જેવું નથી. ગાંધીનગરમાં સરકારી કલ્ચર ચાલી રહયું છે. જો કોઈ વાહનચાલકને પોલીસ પકડે તો ઓળખાણોથી છુટવા માટે ફોન શરૂ થઈ જાય છે.

ઘણી વખત પોલીસ તંત્રના કર્મચારીઓ સાથે વાહનચાલકો બોલાચાલી કરતા જોવા મળે છે. ટ્રાફિકના નિયમોનું સૌથી વધુ ભંગ જેની પહોંચ મોટી મોટી હોય તેવા નબીરાઓ કરતા હોય છે. કાળા કાચ લગાવીને ગાડીઓ લઈને ફરતા લોકોને કોઈનો ડર નથી. માર્ગો પર મોટા ભાગે અવાજ કરતાં બુલેટ જે કાન ફાડી નાંખે તેવો અવાજ કરતા જાય છે તેની સામે કોઈ જ કાર્યવાહી થતીનથી. થોડા સમય માટે બુલેટના અવાજો બંધ રહયા હતા જે હાલમાં કાયદાનો ભંગ કરીને બુલેટ રાજાઓ દ્વારા ધ્વનિ પ્રદુષણ કરવામાં આવી રહયું છે. જેની સામે લાલ આંખ કરવી જોઈએ. ગાંધીનગરમાં શાળાઓ, કોલેજો, હોસ્પિટલો કાર્યરત છે જયાં આ પ્રકારના ધ્વનિ પ્રદુષણો યોગ્ય ન ગણાય. નાગરિકોએ ડ્રાઈવીંગ લાયસન્સ વગર વાહન ચલાવવું જ ના જોઈએ. પરંતુ મોટાભાગના વાહનચાલકો લાયસન્સ વગર વાહન લઈ ફરી રહયા છે. શાળાઓમાં વિદ્યાર્થીઓ વાહનો લઈનો જાય છે જેમની પાસે લાયસન્સ હોતું નથી. હાલમાં ગાંધીનગરમાં વિદ્યાર્થીઓના અકસ્માત થયા હતાજેમાં ગંભીર રીતે ઘાયલ થતાં મોત નીપજયા હતા. તેથી માતાપિતાએ પણ બાળકોને વાહનો આપતા પહેલા બાળકોના જીવન વિશે વીચાર કરવો જોઈએ.



ગાંધીનગરમાં માર્ગ અકસ્માતો મુખ્ય બે કારણોસર થઈ રહયા છે. એક છે વાહનોની ઓવર સ્પીડ અને બીજું છે રોંગ સાઈડમાં આવતા વાહનો. ગાંધીનગરમાં માર્ગો પહોળા હોવાથી લોકો વાહનો ઓવર સ્પીડમાં ચલાવી રહયા છે. આજકાલ સ્કુલના વિદ્યાર્થીઓ પણ લાયસન્સ વગર વાહનો લઈને જાય છે. કાચી ઉંમરે વાહનો ન ચલાવવા જોઈએ. વાહનચાલકોએ રોંગ સાઈડ એવોઈડ કરવી જોઈએ. પોતાની લાઈફ બચાવવા માટે વાહનો રોંગ સાઈડમાં ન ચલાવશો. ઓવર સ્પીડીંગ રોમાંચ માટે ન કરવું જોઈએ. ગાંધીનગરમાં ઘણા માર્ગો ઉપરથી લેનનું કામ બાકી છે તેથી સિગ્નલો ચાલુ થાય તે દરમિયાન ટ્રાફિક સમસ્યા સર્જાય છે. તેથી માર્ગો પર થ્રી લેન જરૂરી છે. ગાંધીનગરમાં અકસ્માતો ઓછા કરવા માટે લોકોએ કાયદાનું યોગ્ય રીતે પાલન કરવું પડશે.

- પ્રવિણભાઈ વાલેરા
જીવન આસ્થા-ગાંધીનગર, લાયઝન ઓફીસર

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં વસંત પંચમીની ઉજવણી



ગાંધીનગર, તા.૩૧

વસંત પંચમીના આ પવિત્ર દિવસે માઁ સરસ્વતીની પૂજા અર્ચના કરવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ પ્રાર્થના તથા સરસ્વતી માઁની પૂજા કરી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. સરસ્વતીમાઁની પૂજા કરી શ્લોક બોલવામાં આવ્યા હતા. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે માઁને પ્રાર્થના કરવામાં આવી હતી. બાળકોએ સરસ્વતીમાઁ પાસે વિવિધ ફૂલોથી કલાત્મક રંગોળી બનાવી હતી. જેમાં સૌ કોઈ પીળા કેસરી તથા સફેદ વસ્ત્રો ધારણ કરી આવ્યા હતા. ત્યારબાદ વસંત પંચમીને લગતી એસેમ્બલી બાળકો દ્વારા રજુ કરવામાં આવી હતી. વસંત પંચમીના દિવસે માઁ સરસ્વતીનો જન્મ થયો હોવાથી આ દિવસને સરસ્વતી માતૃવંદના દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. બાળકોને ફેકલ્ટીઝ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તથા વિડીયો દ્વારા વસંત પંચમીની ઉજવણી કેમ અને કઈ રીતે કરવા માં આવે છે અને વસંત પંચમીનું મહત્વ બાળકોને સમજાવવામાં આવ્યું હતું.

## શ્રી બાવન વણકર સમાજ ટ્રસ્ટનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

શ્રી બાવન વણકર સમાજ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સન્માન વિધિ કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો. ડો.બાબાસાહેબ આંબેડકરને દિપ પ્રાગટય અને પ્રાર્થના તથા ફુલહારની વિધિ કરી હતી. સ્વ.આર.કે.મકવાણાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. મેનેજીંગ ટ્રસ્ટીના ઉદબોધનમાં ધંધુકા વાડીના રીનોવેશન માટે ફાળાની અપીલ કરવામાં આવી હતી. સમાજના નાગરિકોએ ફાળો આપ્યો હતો. કોર્પોરેટર અંકિત બારોટે જરૂરીયાત હોય તો મદદરૂપ થવા જાહેર કર્યું હતું. ચાલુ વર્ષ દરમિયાન નવી નોકરી તથા નિવૃત થયેલા કર્મચારીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સંસ્થાના હોદેદારોએ ઉદબોધન કર્યું હતું.

## સમસ્ત બ્રહ્મ સમાજ અમદાવાદ દ્વારા બ્રહ્મ યાત્રા યોજાઈ



ગાંધીનગર, તા.૩૧

સમસ્ત બ્રહ્મ સમાજ અમદાવાદ દ્વારા આયોજિત બ્રહ્મ ગૌરવ યાત્રાનું આયોજન ડો.બાબા સાહેબ આંબેડકર યુનિ. ખાતે ગુજરાતમાં ચુંટાયેલા ભુદેવ ધારાસભ્યોનો સન્માનનો કાર્યક્રમ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં કરવામાં આવ્યો હતો. ગુજરાત બ્રહ્મ સમાજ પ્રમુખ પિનાકીનભાઈ રાવલ, ધારણીબેન શુકલ, ડો.અમીબેન રાવલ, ભુનેશ્વરી પીઠના ઘનશ્યામજી મહારાજ, ગાંધીનગર બ્રહ્મ સમાજના પ્રમુખ નરેશભાઈ દવે અનેતેમની ટીમ, રાજેશભાઈ દવે, ઉદયભાઈ ભટ્ટ,મિતુલભાઈ જોશી, મુંજાલભાઈ રાવલ, ભાવેશભાઈ, ભાર્ગભભાઈ ભટ્ટ, રીકીનભાઈ વ્યાસ, નિગમભાઈ, જયેશભાઈ, તુષાર રાવલ ઉપસ્થિત રહયા હતા. ગુજરાતમાંથી તમામ જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભુદેવ આવ્યા હતા.

## મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સરકારી વાણિજ્ય કોલેજમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર.તા.૩૧

મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરના લાઈબ્રેરી વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું. જી૨૦ની થીમ "વસુધૈવ કુટુંબકમ" ની ભાવનાને ઉજાગર કરતું મહાત્મા ગાંધીજીનું વૈષ્ણવજન તો તેને રે કહીએ ગાનની સાથે સાથે બે મિનિટનું મૌન પાળીને મહાત્મા ગાંધીજી તેમજ અન્ય શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા દાંડી કૂચ યાત્રાને નાટક સ્વરૂપે રજુ કરી લડત કે વિરોધની સામે મહાત્મા ગાંધીજીના શાંતિ અને અહિંસાના શસ્ત્રોને અપનાવવાનો સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે, વાંચન ટેવ કેળવાય તે માટે તેમજ તેમનામાં સર્જનાત્મક શક્તિનો વધારો થાય તે માટે લાઈબ્રેરી વિભાગ દ્વારા બુક રીવ્યુ અને બુક માર્ક મેકિંગ કમ્પિટિશનની સાથે સાથે "ગ્રેટ પર્સનાલીટી ઓફ ઈન્ડિયા" થીમ પર પુસ્તક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન લાઈબ્રેરીયન શ્રીમતી પી. બી. ચાવડાએ સમગ્ર કોલેજ સ્ટાફના સહકારથી આચાર્યશ્રી ડૉ. એન સુતરિયાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું. જેમાં કોલેજના બહોળા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



## સેક્ટર-૩૦ સરકારી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતીની ઉજવણી



ગાંધીનગર.તા.૩૧

સરકારી પ્રાથમિક શાળા માં વિદ્યાર્થીઓને ગાંધી જયંતી નિમિત્તે ગાંધીબાપુની પ્રિય એવી ખાદી ના રૂમાલ બાળકોને આપવામાં આવ્યા હતા. ગાંધીબાપુ ના જીવન મૂલ્યો વિશે વાતો કરવામાં આવી હતી. ગાંધીબાપુ ના જીવન મૂલ્યો આધારિત ફિલ્મ ગાંધી બાળકોને બતાવવામાં આવી હતી.

## સચિવાલય જીમખાના ખાતે 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા'નું આયોજન

### વિવિધ રાજ્યો સહિત કુલ ૪૧ ટીમો અને ૬૭૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સચિવાલય જીમખાના ખાતે આયોજિત 'અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા'નો રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ અશ્વિની કુમારે શુભારંભ કરાવ્યો હતો. સ્પર્ધાને ખુલ્લી મૂકી ખેલાડીઓનું ઉત્સાહવર્ધન કરતા શ્રી અશ્વિની કુમારે જણાવ્યું કે, સતત પાંચમી વાર આ બેડમિન્ટન સ્પર્ધાનું આયોજન ગુજરાતમાં થઈ રહ્યું છે, જે ગુજરાત માટે ખૂબ જ ગર્વની વાત છે. તેમણે ઉમેર્યું કે, આ વર્ષે બેડમિન્ટન સ્પર્ધામાં વિવિધ રાજ્યો સહિત કુલ ૪૧ ટીમો અને લગભગ ૬૭૦થી પણ વધુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સંખ્યા અગાઉના વર્ષો કરતા ખૂબ જ મોટી છે. વધુમાં અગ્ર સચિવએ જણાવ્યું હતું કે, આ વર્ષે ગુજરાતે ત્રણ મહિના કરતા પણ ઓછા સમયમાં નેશનલ ગેમ્સનું સફળ આયોજન કર્યું હતું. જેનું મુખ્ય કારણ ગુજરાતનું ઓલમ્પિક લેવલનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફેસીલીટી અને મજબૂત ટીમ છે. હવે ગુજરાત વર્ષ ૨૦૩૬માં ઓલિમ્પિકની યજમાની કરવા જઈ રહ્યું છે ત્યારે તેની તૈયારીઓ પણ ગુજરાતમાં અત્યારથી જ શરુ કરવામાં આવી છે, તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર વતી રાજ્ય સરકાર દ્વારા તારીખ ૩૧ જાન્યુઆરી થી ૬ ફેબ્રુઆરી દરમિયાન "અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા ૨૦૨૨-૨૩"નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે વૈધાનિક અને સંસદીય બાબત વિભાગના સચિવ સી. જે. ગોઠી, ગાંધીનગર મહાનગપાલિકાના મ્યુનસિપલ કમિશનર સંદીપ સાંગલે, ઓર્ગેનાઈઝીંગ કમિટીના ચેરમેન જ્વલંત ત્રિવેદી, સેન્ટ્રલ સ્પોર્ટ્સ બોર્ડના કન્વીનર રાજીવ શર્મા અને ગુજરાત રાજ્ય બેડમિન્ટન એસોસિએશનના સેક્રેટરી મયુર પરીખ સહિતના મહાનુભાવો અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં ગાંધી નિર્વાણદિનની ઉજવણી



જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં ગાંધીનિર્વાણ દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યા અંજનાબેન ચૌધરીએ ગાંધીબાપુના સત્ય અને અહિંસાના ઉમદા વિચારો બાળકોને આપ્યા હતા તેમજ ચૌધરી ઉષાબેને ગાંધીબાપુનું પ્રિય ભજન વૈષ્ણવજન તો તેને રે કહીએ ગાઈને ભારતના દેશપ્રેમી નેતાની શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ગાંધીનગર દ્વારા ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૪ને શનિવારે કાનમ પાર્ટી પ્લોટ કુડાસણ ખાતે સાંજે ચારથી છ વાગ્યે ભવ્ય શાકોત્સવ યોજાશે. આ કાર્યક્રમમાં કલાકાર પુરવ પટેલ દ્વારા કિર્તન સંધ્યા તથા પ્રાસંગિક સભા સંતો મહંતોના આશિર્વચનનું આયોજન કરવામાં આવ્યું છે.વ્યવસ્થાના ભાગરૂપે ભોજન પ્રસાદ પાસ ફરજિયાત રાખેલ છે. પાસ મેળવવા માટે કુડાસણ, સરગાસણ, રાયસણ, કોબા વગેરે વિસ્તારના રહેતા સે-૨ મંદિરના સત્સંગ પરિવાર ફોર્મ ભરેલ હોય તેવા હરિભક્તોએ કાનમ પાર્ટી પ્લોટ, કુડાસણ ખાતેથી સવારે ૧૦થી ૧૨ બપોરે ૪થી ૭ વાગ્યા સુધીમાં મેળવી લેવાના રહેશે. સે-૧થી૩૦ના હરિભક્તો માટે સ્વામિનારાયણ મંદિર સે-૨ કાર્યાલયમાંથી પાસ મેળવવાના રહેશે.

## ગાંધીનગરમાં વિશ્વકર્મા જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા. ૩૧

સૃષ્ટિના સર્જનહાર શ્રી વિશ્વકર્મા પ્રભુની વિશ્વકર્મા જયંતિ-૧૯માં પાટોત્સવની ભવ્ય ઉજવણી તા. ૩-૨-૨૦૨૩, શુક્રવારના રોજ સેક્ટર-૧૨માં આવેલ શ્રી વિશ્વકર્મા મંદિરમાં થનાર છે તેમજ માં રાંદલના તેડાંની ઉજવણી પણ તા. ૨-૨-૨૩, ગુરૂવારે યોજાશે.વિશ્વકર્મા પ્રભુની જયંતીના દિવસો પૂજા-હવન-આરતી સમાજના યજમાન દંપતીઓ દ્વારા કરવામાં આવનાર છે. તા. ૨-૨-૨૩ના રોજ રાંદલના લોટા તેડવાનો તેમજ ઘોડા ખેલવાનો તેમજ રાત્રે ગરબાનો પ્રસંગ પણ રાખવામાં આવેલ છે. આ પાવન પ્રસંગે થનાર હવનમાં મુખ્ય યજમાન રમેશભાઈ મણીલાલ ગજ્જર ઉપરાંત ૧૧ જેટલા દંપત્તિ પાટલા પર બિરાજી વિશ્વકર્મા પ્રભુની પૂજા કરી ધન્યતા અનુભવશે તેમજ રાંદલ તેડવાના મુખ્ય પાટલા પર હરીશભાઈ કે. સુથાર બિરાજશે અને અન્ય ૧૨ યજમાન દંપતી રાંદલ તેડવાના પ્રસંગને શોભાવશે.

## જન્મદિને વધામણી



**ચંદ્રકાન્તભાઈ વી. સુખડીયા**
વૃંદાવન સ્વીટ્સ
મો. ૯૮૨૫૭ ૩૯૬૯૬



**સુખલાલ બાબુરાવ ભોપે**
મો. ૯૯૦૯૫ ૬૫૨૬૦



**કિશન પ્રદીપકુમાર ભોપે**
મો. ૯૮૨૪૪ ૨૮૨૭૪



**ત્રિવેદી શ્રેત પિયુષકુમાર**
મો. ૮૪૦૧૪ ૪૦૩૭૫



**વ્રજ જતીન પટેલ**

## આજે ડૉ. જય ઓઝાના 'ડાયલોગથી દેવભાષા' પુસ્તકની દ્વિતિય આવૃતિનું વિમોચન

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર સમાચારના કટાર લેખક ડૉ. જય ઓઝાના પુસ્તક 'ડાયલોગથી દેવભાષા'ની દ્વિતિય આવૃતિનું લોકાર્પણ આવતીકાલે તા. ૧લી ફેબ્રુઆરીના રોજ કરવામાં આવશે. શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ હાઈસ્કૂલ સભાગાર, સેક્ટર-૨૩ ખાતે સાંજે ૬ થી ૭.૩૦ દરમ્યાન યોજાનાર કાર્યક્રમમાં ડૉ. જય ઓઝાના સાતત્યપૂર્ણ લેખનનું સંકલન કરતું પુસ્તક 'ડાયલોગથી દેવભાષા'નું લોકાર્પણ કરાશે.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ અને અતિથિ વિશેષ પદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહેશે. ગુજરાત યુનિવર્સિટી ભાષા સાહિત્ય ભવનના પૂર્વ નિદેશક અને સંસ્કૃત પ્રાધ્યાપક પ્રા. ડૉ. વસંતભાઈ ભટ્ટની આ અવસરે ખાસ ઉપસ્થિત રહેશે. છેલ્લા ૧૭ વર્ષથી ડૉ. જય ઓઝા ગાંધીનગર સમાચારમાં વિવિધ વિષયોને આવરી લઈ કટારલેખન કરે છે. વાચકોનમાં ખૂબ જ લોકપ્રિય એવા કટાર લેખક ડૉ. જય ઓઝાના આ અગાઉ અને એવુ બધું, જીવન યાત્રા, ચિંતન યાત્રા, સંબંધ યાત્રા, વિકાસ યાત્રા, અંતર યાત્રા અને ડાયલોગથી દેવભાષા (પ્રથમ આવૃત્તિ) જેવા પુસ્તકો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે. 'ડાયલોગથી દેવભાષા' પુસ્તકની બીજી આવૃતિના લોકાર્પણ અવસરે પધારવા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ નિમંત્રણ પાઠવ્યુ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.જાની કુસુમબેન મહેન્દ્રકુમાર** ઉ.વ.૭૪, ગાંધીનગર
- **સ્વ.શર્મા ચંદ્રકાંતભાઈ ગણપતલાલ** ઉ.વ.૬૭, ખદલપુર, જોટાણા
- **સ્વ.ઠાકોર ભીખીબેન મહોતજી** ઉ.વ.૬૦, શિહોલીમોટી
- **સ્વ.વાળંદ લક્ષ્મણભાઈ જીવાભાઈ** ઉ.વ.૯૦, ગાંધીનગર
- **સ્વ.સોલંકી દુધીબેન દોલુભાઈ** ઉ.વ.૭૩, ગાંધીનગર
- **સ્વ.પરમાર અમરતભાઈ નારણભાઈ** ઉ.વ.૬૩, ગાંધીનગર
- **સ્વ.રાવલ અમૃતલાલ વિઠ્ઠલદાસ** ઉ.વ.૭૭, ગાંધીનગર